# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-06-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM JAMNAGAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે શહેરી વિકાસ વર્ષ તરીકે આ વર્ષના અંદાજપત્રમાં 30 હજાર કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. જામનગરમાં 430 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે વિવિધ 30 પ્રકલ્પોના ઈ-લોકાર્પણ, ઈ-ખાતમુહુર્ત કરતા શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

શ્રી પટેલે જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યકાળના 11 વર્ષ પૂર્ણ થયા છે આ 11 વર્ષનો સમયગાળો સેવા, સમર્પણ અને સુશાસનનો બની રહ્યો છે. પોતાના 11 વર્ષના કાર્યકાળ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સેનાથી સામાન્ય માણસની સુવિધા, સજ્જતા, સુખાકારી માટે આધુનિકીકરણને પ્રાથમિકતા આપી હોવાનું પણ શ્રી પટેલે જણાવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન જામનગર શહેરના ગત 20 વર્ષની વિકાસગાથાને દર્શાવતી પુસ્તિકાનું વિમોચન કરાયું હતું. આ પ્રસંગે કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા અને સાંસદ પૂનમબેન માડમ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . .

# MEHSANA CAMPAIGN

કડી વિધાનસભા પેટા ચૂંટણીમાં મહત્તમ મતદાન માટે મતદાર જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે કડી વિધાનસભા મતવિસ્તારની વિવિધ શાળા અને કોલેજોમાં સિગ્નેચર ઝુંબેશ યોજાઇ. રાજપુરની ઇન્દ્રશીલ યુનિવર્સિટી, સંસ્કાર વિદ્યાલય અને પી.એમ.જી હાઈસ્કૂલ સહિત વિવિધ સ્થળોએ મતદાન જાગૃતિ અંતર્ગત આ ઝુંબેશ હાથ ધરાઇ હતી.

. . . . . . . . . . .

# Patan- Gram Panchayat Chutni

પાટણ જિલ્લામાં ગ્રામ પંચાયત ચૂંટણીમાં ઉત્સાહભેર ઉમેદવારી અને બિનહરીફ વરણીઓ જિલ્લામાં 22 જૂનના રોજ કુલ 380 ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાવાની છે, જેમાંથી 310 પંચાયતોની સામાન્ય અને 70 પંચાયતોની પેટા ચૂંટણી છે.

જ્યારે સમી તાલુકાના કઠીવાડા ગામે યુવા આગેવાન ગોપાલજી મણાજી ઠાકોર બિનહરીફ સરપંચ તરીકે ચૂંટાયા છે. સરસ્વતી તાલુકાની સોટાવડ ગ્રામ પંચાયતમાં રાણાભાઈ જાયમલ રબારીની પણ બિનહરીફ વરણીથઈ છે.

રાધનપુરના સુલતાનપુરા ગામમાં મનુજી ઠાકોરને સતત બીજી ટર્મ માટે બિનહરીફ સરપંચ તરીકે પસંદ કરવામાં આવ્યા છે. ભદ્રાડા ગામે એક ઐતિહાસિક નિર્ણય લઈને સરપંચ, ઉપસરપંચ અને તમામ વોર્ડ સભ્યોના પદ પર મહિલાઓની બિનહરીફ વરણી કરી છે, જે સમગ્ર પાટણ જિલ્લાની દિશા બદલી શકે તેવી ઘટના બની છે.

. . . . . . . . . . .

# ARAVALLI-EID

આજે ઈદ ઉલ અદહા મનાવાઈ રહ્યો છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં મોડાસાની ઈદગાહ ખાતે મુસ્લિમ બિરાદરોએ નમાઝ અદા કરી હતી. શાંતિપૂર્ણ માહોલમાં ઈદ મનાવાય તે માટે જિલ્લા પોલીસે શાંતિ સમિતિની બેઠક યોજી હતી. આ અંગે એક મુસ્લિમ અગ્રણીએ ઈદની શુભેચ્છા પાઠવી હતી.

(બાઈટ : લાલાભાઈ, મુસ્લિમ અગ્રણી)

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી નગરની મસ્જિદોમાં ઈદની વિશેષ નમાજ અદા કરવામાં આવી, જિલ્લાના મુસ્લિમ બિરાદારોએ એકબીજાને બકરી ઈદની મુબારક બાદ પાઠવી હતી.

. . . . . . . . . . .

# SVIP

અમદાવાદ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટને એરપોર્ટ કાઉન્સિલ ઇન્ટરનેશનલ ACI દ્વારા એરપોર્ટ ગ્રાહકોને ઉત્કૃષ્ટ અનુભવ પ્રદાન કરવા બદલ પ્રતિષ્ઠિત લેવલ ૪ માન્યતા પ્રાપ્ત થઈ છે.

આ માન્યતા એરપોર્ટ સંસ્કૃતિ, શાસન, સંચાલન સુધારણા, માપન, ગ્રાહક વ્યૂહરચના અને ગ્રાહક સમજણ સહિત અનેક પરિમાણોનું મૂલ્યાંકન પર આધારિત છે.

છેલ્લા એક વર્ષમાં SVPI એરપોર્ટે ટેકનોલોજીકલ નવીનતા, માળખાગત વિકાસ અને મુસાફરોની સંલગ્નતામાં વધારો કરવા ઘણી પહેલો અમલમાં મૂકી છે.

. . . . . . . . . . .

# DWARKA SAFETY

દ્વારકાની ગોમતી નદીમાં અવાર નવાર ડૂબવાની ઘટના બનતા તંત્ર સતર્ક થયું છે. ગોમતી નદીમાં હવે સેફ્ટી રોબોટ મૂકવામાં આવ્યો છે. દ્વારકા ફાયર વિભાગ દ્વારા રોબોટની તાલીમ આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે થોડા દિવસ અગાઉ ગોમતી નદીમાં નાહવા પડતાં 7 લોકો ડૂબ્યાં હતા જેમાં એકનું મોત થયું હતું.

. . . . . . . . . . .

# SAURASTRA CRICKET TOURNAMENT

સૌરાષ્ટ્ર લીગનો આજથી રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમમાં પ્રારંભ થશે. કેન્દ્રીયમંત્રી મનસુખ માંડવિયા આજે  સાંજે ક્રિકેટ ટૂર્નામેન્ટનું ઉદ્ઘાટન કરશે.

અનમોલ કિંગ્સ હાલાર અને આર્યન સોરઠ લાયન્સ વચ્ચે પહેલી મેચ રમાશે.  આ લીગમાં 5 ટીમો વચ્ચે ફાઈનલ સહિત કુલ 21 મેચ રમાશે. પ્રથમ મેચ બાદ ઓપનિંગ સેરેમની યોજાશે. લીગની ફાઈનલ મેચ 20મી જૂને રમાશે. સૌરાષ્ટ્ર પ્રિમિયર લીગમાં અનમોલ કિંગ્સ હાલાર, આર્યન સોરઠ લાયન્સ, દીતા ગોહીલવાડ ટાઈટન્સ, જેએમડી કચ્છ રાઈડર્સ અને RVM ઝાલાવાડ સ્ટ્રાઈકર્સ એમ કુલ 5 ટીમો ભાગ લઈ રહી છે.

.......................................

# Dang – I khedut portal

ડાંગમાં પશુપાલન ખાતાની યોજનાનો લાભ લેવા આઇ-ખેડૂત પોર્ટલના બીજા તબ્બકાને  ખુલ્લું મુકાયું.

ડાંગ જિલ્લાના પશુપાલકોને વર્ષ ૨૦૨૫-૨૬ માટે પશુપાલન ખાતાની ચાલુ યોજનાઓ હેઠળ નવીન આઈ-ખેડ઼ત પોર્ટલ પશુપાલકના બીજા તબક્કા માટે  આ મહિનાની 30 તારીખ સુધી ઓનલાઈન અરજી કરવાની રહેશે.

. . . . . . . . . . .